**<u>રે.મુ.નં.૧૩/૨૦૧૨</u>**

**<u>આંક–૧૫ લગત હુકમ</u>**

**(૧)** પ્રતિવાદી તર્ફે હાલની આ અરજી સી.પી.સી. કલમ ૧૦ મુજબ દાવાની કાર્યવાહી સ્ટે કરવા સારુ આપેલ છે. પ્રતિવાદીની અરજીની હકીકત વંચાણે લેવામાં આવેલ છે.

**(૨)** સદર કામે પ્રતિવાદી ધ્વારા હાલની આ અરજી આપતા વાદી ધ્વારા કોઈ જવાબ રજુ રાખવામાં આવેલ નથી.

**(૩)** ત્યાર બાદ પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી જે.એચ.કાદરી ની વિસ્તારપુર્વકની મૌખિક દલીલો સાંભળવામાં આવે છે જેમાં તેઓ જણાવે છે કે, રે.મુ.નં.૧૩/૧૨ મીલકત નં.૩૬ અંગેનો દાવો કરેલો. આ દાવા અગાઉ વાદીના પિતાએ રે.મુ.નં.૩૧૧/૨૦૦૦ થી આ જ મીલકત બાબતે આ જ પ્રતિવાદીઓ વિરુધ્ધ આજ પ્રકારની દાદ માંગતો દાવો કરેલો છે. જે દાવો પેન્ડીગ હોવા છતાં હાલનો આ દાવો દાખલ કરેલો હોય તે સંજોગોમાં હાલનો આ દાવો સ્ટે કરવા વિનંતી કરેલ છે .

**(૪)** ત્યાર બાદ વાદી તર્ફે વિ.વ.શ્રી એમ.વાય.પટેલ ની મૌખિક દલીલો વિસ્તારપુર્વક સાંભળવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, હાલનો દાવો અમો નરેન્દ્રસિહે કરેલો છે જયારે રે.મુ.નં.૩૧૧/૨૦૦૦ હરીસીહ દાજીબાવાએ કરેલો છે. આમ, પક્ષકારો અલગ છે. વધુમાં રે.મુ.નં.૩૧૧/૨૦૦૦ વાળો દાવો આશરે સને ૨૦૧૩ ની સાલમાં ડી.ડી. કરવામાં આવેલ છે તે સંજોગોમાં પ્રતિવાદીની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** ઉપર મુજબની ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. અહી એ નોધવુ જરુરી છે કે, હાલની આ અરજી આપતા મારા પુરોગામી ન્યાયાધિશશ્રી ધ્વારા સાંભળવા માટે મુતલવી રાખવામાં આવેલ છે. ત્યાર બાદ સદરહું કામ એડીશનલ સીવીલ કોર્ટ બંધ પડતા અત્રેની

કોર્ટમાં તા.૧૪/૫/૧૮ ના રોજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના હુકમથી ટ્રાન્સફર થઈ આવતા બંને પક્ષની દલીલો સાંભળવામાં આવેલી છે. આ કામે સી.પી.સી.કલમ ૧૦ વંચાણે લીધી. રે.મુ.નં.૧૩/૧૨ માં કુલ ત્રણ પ્રતિવાદી ઓ છે. જયારે રે.મુ.નં.૩૧૧/૨૦૦૦ ના કામે કુલ બે પ્રતિવાદીઓ છે. આમ, રે.મુ.નં.૧૩/૧૨ માં દર્શાવવામાં આવેલ પ્રતિવાદી નં.૩ મીતસીહ છોટુભાઈ ગોહીલ રે.મુ.નં.૩૧૧/૨૦૦૦ ના કામે પક્ષકાર હોવાનું જણાતુ નથી. તે સંજોગોમાં બંને દાવામાં પક્ષકારો એક જ હોવાનું માની શકાય તેમ નથી. વધુમાં વાદી તર્ફે નિ.૪૩/૧ થી રજુ કરેલ રે.મુ.નં.૩૧૧/૨૦૦૦ ની નકલ વંચાણે લેતા રે.મુ.નં.૩૧૧/૨૦૦૦ તા.૨૩/૧/૨૦૧૩ ના રોજ વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર ૧૭ રૂલ–૨ ની જોગવાઈઓ ને ઘ્યાને રાખીને ઓર્ડર ૯, નિયમ ૩ અન્વયે કાઢી નાંખવામાં આવેલાનું જણાય છે. તે સંજોગોમાં હવે રે.મુ.નં.૩૧૧/૨૦૦૦ રેકર્ડ પર અસ્તિત્વમાં હોવાનું જણાતુ નથી. તે સંજોગોમાં અરજી મંજુર કરવા પાત્ર જણાતી ના હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

પ્રતિવાદીની હાલની આંક–૧૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.
ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસર છે.

ઉપરોકત હુકમ આજ તા.૧૭ મી, માહે, ડીસેમ્બર, સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૭–૧૨–૨૦૧૭**
**વાગરા.**

**(સાગરકુમાર શાંતિલાલ પ્રજાપતિ)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**વાગરા GJ01482**